અપીલ અરજી નં.૨૩૯ તા.૪–૧૧–૧૦/૧૧

અરજદારઃ– શ્રી હસમુખલાલ રતીલાલ માંડવીવાલા
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હસમુખલાલ રતીલાલ માંડવીવાલાની તા.૧૭–૮–૧૦ ની અરજીથી ડીસ્ટ્રીકટ સુરત સબ ડીસ્ટ્રીકટ ચોર્યાસી, તાલુકો ચોર્યાસી, ના ગામ મોજે ઉધનામાં આવેલ રે.સ.નં.૧૦, પ્લોટ નં.૪૦, રેવાનગર ઉધના ઝોન ઓફિસ પાસે, સુરત. ટેના નં.૨૭એ–૦૭–૦૩૯૧–૦–૦૦૧ વાળી મિલ્કત માં કોઈપણ પ્રકારનો માલિકી ફેરનો વ્યવહાર કરેલ નથી તેમ છતાં વેરા બિલમાં ત્રાહિત વ્યકિતઓના નામો ચઢી ગયેલ છે. સને ૧૯૮૨ થી આજદિન સુધી આકારણીના વેરા બિલમાં નામો ચઢાવવા માટે આપના વિભાગમાં રજુ કરેલ તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૩૯/૨૦૧૦–૧૧

શ્રી હસમુખલાલ રતીલાલ માંડવીવાલાની તા.૧૭–૮–૧૦ ની અરજીથી ડીસ્ટ્રીકટ સુરત સબ ડીસ્ટ્રીકટ ચોર્યાસી, તાલુકો ચોર્યાસી, ના ગામ મોજે ઉધનામાં આવેલ રે.સ.નં.૧૦, પ્લોટ નં.૪૦, રેવાનગર ઉધના ઝોન ઓફિસ પાસે, સુરત. ટેના નં.૨૭એ–૦૭–૦૩૯૧–૦–૦૦૧ વાળી મિલ્કત માં કોઈપણ પ્રકારનો માલિકી ફેરનો વ્યવહાર કરેલ નથી તેમ છતાં વેરા બિલમાં ત્રાહિત વ્યકિતઓના નામો ચઢી ગયેલ છે. સને ૧૯૮૨ થી આજદિન સુધી આકારણીના વેરા બિલમાં નામો ચઢાવવા માટે આપના વિભાગમાં રજુ કરેલ તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલ ની માહિતી આપવા બાબતે આપના પત્ર નં.સા.ઝોન/અકણ(આર.ટી.આઈ.)/૨૫૨ તા.૪–૧૦–૧૦ થી આપેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા સાથે ત્રાહિત અંગે કરેલ તમામ કાર્યવાહીના કાગળો સહિત અપીલમાં તેઓનો પક્ષ રજુ કરવા આરટીઆઈ સેલ/૯૪૦ તા.૧૮–૧૧–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને , અરજદારને સદર મિલ્કતમાં તેમનું હિત હોવાના આધાર પુરાવા હોય તો રજુ કરવા તથા વ્યાપક જાહેર હિતમાં માહિતી જાહેર કરવા અંગેનું વાજબીપણું રજુ કરવા તથા ત્રાહિત શ્રી મણીલાલ પટેલને માહિતી જાહેર કરવાથી તેમને થતી હાનિ/નુકશાન અંગે વિગતો સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/(આરટીઆઈ) ૪૨૮ તા.૩–૧૨–૧૦ થી નોંધ વિભાગની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારના વેરા બીલની નકલ, સાદર રજુ રીપોર્ટની નકલ, મિલ્કતના ત્રાહિત નં.સા.ઝોન/અકણ(આરટીઆઈ)/૧૯૭ તા.૯–૯–૧૦ થી જાણ કરતા પત્રની નકલ, મિલ્કતના ત્રાહિત શ્રી મણીલાલ પટેલને યુપીસીથી પત્ર લખેલ જેની પહોંચની નકલ, કબ્જેદાર શ્રી મણીલાલ કાશીરામદાસ પટેલે તા.૧૭–૯–૧૦ થી આપેલ જવાબની નકલ, અરજદારને આપેલ માહિતીના પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૨૫૩ તા.૪–૧૦–૧૦ થી પાઠવેલ જેની નકલ, યુ.પી.સી. પહોંચની નકલ, વિ. રજુ કરેલ છે. જયારે અરજદાર તરફથી તા.૩૦–૧૧–૧૦ ના રોજ પુરી પાડેલ માહિતીમાં પ્લોટ નં.૪૦ રે.સ.નં.૧૦ રેવા ઈન્ડ. સોસાયટી ઉધના ઝોન ઓફીસ પાસે, ઉધના સુરત.ટેના. નં.૨૭એ–૦૭–૦૩૯૧–૦–૦૦૧ ના વેરાબીલ વર્ષ–૧૯૮૯–૯૦ ની નકલ રજુ કરેલ છે. ત્રાહિત તરફથી તા.૧૦–૧૨–૧૦ ના રોજ ના પત્રમાં પ્લોટ નં.૪૦ વાળી મિલ્કત જે રેવાનગર માં આવેલ છે. તેના દસ્તાવેજી પુરાવાની નકલની માહિતી અરજદારને આપી શકાય તેમ નથી. તેવુ જણાવેલઈ છે. જાન્યુ.૧૯૯૩ થી સદર મિલ્કતનો કબ્જો તેમનો ચાલી આવેલ છે. જેથી અરજદારને કોઈ માહિતી આપવી નહી તેવું જણાવી સાથે ખાસ નોટીસની તા.૪–૨–૯૩ ની નકલ પણ રજુ કરેલ છે.

અરજદારની તા. તા.૧૭–૮–૧૦ ની અરજીથી ડીસ્ટ્રીકટ સુરત સબ ડીસ્ટ્રીકટ ચોર્યાસી, તાલુકો ચોર્યાસી, ના ગામ મોજે ઉધનામાં આવેલ રે.સ.નં.૧૦, પ્લોટ નં.૪૦, રેવાનગર ઉધના ઝોન ઓફિસ પાસે, સુરત. ટેના .૨૭એ–૦૭–૦૩૯૧ –૦–૦૦૧ વાળી મિલ્કત માં કોઈપણ પ્રકારનો માલિકી ફેરનો વ્યવહાર કરેલ નથી તેમ છતાં વેરા બિલમાં ત્રાહિત વ્યકિતઓના નામો ચઢી ગયેલ છે. ને ૧૯૮૨ થી આજદિન સુધી આકારણીના વેરા બિલમાં નામો ચઢાવવા માટે આપના વિભાગમાં રજુ કરેલ તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલની માહિતી આપવા જણાવેલ. જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સદર માહિતી માંગતી અરજીના અનુસંધાને ત્રાહિત પક્ષકારે માહિતી/ નકલ આપવા અંગે વાંધો ઉઠાવી તે ન આપવા જણાવેલ છે. જેથી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટની કલમ–૧૧(૨) હેઠળ માહિતી/નકલો આપવા અંગે હું ઈન્કાર કરું છું. તેવુ જણાવેલ. અરજદારને મિલકતમાં હિત હોવાના પુરાવા રજુ કરવા બાબતે લખેલ પત્રના અનુસંધાને સને ૧૯૮૯–૯૦ ના વેરાબીલની નકલ રજૂ કરેલ. જયારે ત્રાહિતને માહિતી જાહેર કરવાથી થતી હાનિ અને નુકશાન અંગે વિગતો સ્પષ્ટ કરવા જણાવેલ. જેના અનુસંધાને અરજદારને દસ્તાવેજી માહિતી નહીં આપવા જણાવેલ તથા સદર મિલકતનો ભોગવટો જાન્યુ.૧૯૯૩ ના અરસાથી ભોગવતા આવ્યા છે એવી રજૂઆત કરેલ છે તેમજ તા.૪–૨–૯૩નીખાસ નોટીસની નકલ રજૂ કરેલ છે. અરજદારે અપીલ તબકકે સદર મિલ્કત સને ૧૯૮૨માં ખરીદ કરેલ છે જે આજદિન સુધી સદર મિલકતનું કોઈપણ પ્રકારે વેચાણ તેમજ અન્ય કોઈપણ પ્રકારનો માલિકી ફેરનો વ્યવહાર કરેલ નથી, તેમ છતાં વેરાબિલમાં ત્રાહિત વ્યકિતઓના નામો ચઢી ગયેલ છે. તથા સને ૧૯૮૨ થી આજદિન સુધીના મ્યુ.

આકારણીના વેરા બિલમાં નામો ચઢાવવા માટે રજુ કરેલ તમામ દસ્તાવેજી પુરાવાની નકલ આપવા રજુઆત કરેલ. જેના અનુસંધાને ત્રાહિત તરફથી જાન્યુઆરી–૧૯૯૩ થી સદર મિલકતનો ભોગવટો તેમના નામે ચાલી આવેલ છે. અરજદારને કોઈ પણ દસ્તાવેજી પુરાવાની નકલ નહીં આપવા જણાવેલ છે.

અરજદાર શ્રી હસમુખલાલ માંડવીવાલાની નામ તબદીલી દસ્તાવેજોની માંગણી સામે ત્રાહિત શ્રી મણીલાલ પટેલના ઈન્કાર અંગે સુમપાના મિલ્કતવેરાના રજૂ થયેલ દસ્તાવેજો ૪–૨–૯૩ ની ખાસ નોટીસ જેમાં નિર્દિષ્ટ મિલ્કતના કર ભરવાને પ્રથમ પાત્ર થનારમાં શ્રી હસમુખલાલ રતિલાલનું નામ છે. જયારે કબ્જેદારમાં મણીલાલ પટેલનું નામ છે. શ્રી હસમુખલાલે ૧૯૮૯–૯૦ માં સદર મિલ્કત તેમના નામે હોવાનું ૧૯૮૯–૯૦ ના બીલની નકલ રજૂ કરેલ છે જેમાં કર ભરવાને પ્રથમ પાત્રમાં તેમનું નામ છે તથા ૧૫ નવેમ્બર –૨૦૧૦ ના સુમપાના કિયોસ્ક મશીન પરના પ્રિન્ટના સ્ટેટસ મુજબ ઓનરમાં શ્રી હસમુખલાલ રતિલાલનું નામ તથા કબ્જેદારમાં મણીલાલ કાશીરામ પટેલનું નામ છે. અરજદારે ૧૯૮૨ થી આજ દિન સુધીના વ્યવહારની માહિતી માંગેલ છે. રજૂ થયેલ દસ્તાવેજ જોતાં ૧૯૮૨ થી ૧૯૮૯–૯૦ સુધી સીધા હિતધારક છે તથા તે પછી પણ કર ભરવાને પ્રથમ પાત્રમાં તેમનું નામ ચાલી આવેલ છે તે ઘ્યાને લેતાં આ નામ તબદીલી બાબતેની માહિતી અને નકલો ત્રાહિતના વાંધા હેઠળ ઈન્કાર કરવાનું પ્રથમદર્શી કારણ જણાતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૮–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતીના અનુસંધાને અરજદારને મિલ્કતના હિત હોવાના પુરાવા રજૂ કરવા બાબતે રજૂ કરેલ સને ૧૯૮૯–૯૦ ના વેરાબીલની નકલ તથા ત્રાહિતને માહિતી જાહેર કરવાથી તેમને થતી હાનિ /નુકશાન અંગેની વિગતો સ્પષ્ટ કરવા જણાવેલ. જેના અનુસંધાને સદર મિલ્કતના માલિક તરીકે જાન્યુ.૧૯૯૩ થી ચાલી આવેલ છે અને આજ દિન સુધી તેનો કબ્જો ભોગવતા આવેલ હોવાનું જણાવેલ. પુરાવા તરીકે તા.૧–૧–૯૩ થી તેમના નામે દાખલ થયેલ ખાસ નોટીસની નકલ રજૂ કરેલ છે. આમ બંને પક્ષકાર તેમના નામે મિલ્કત હોવાનો દાવો કરેલ છે. સદર હકીકત જોતાં ફરીયાદની હકીકતના ઉતરાર્ધ ભાગમાં નિર્દિષ્ટ કરેલ વિગતે આરટીઆઈની કલમ–૭(૩) અને નિયમ –૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત દસ્તાવેજી ફી ભરપાઈ કર્યેથી આકારણીના વેરાબીલમાં નામો ચઢાવવા માટે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાની નકલ અરજદાર શ્રી હસમુખલાલ રતિલાલને અત્રેની જાણ હેઠળ દિન–૧૫ માં પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

ઉપરની વિગતે અપીલનો નિકાલ કરવામાં આવે છે. ત્રાહિત શ્રી મણીલાલ પટેલને તે અંગે કોઈ નારાજગી હોય તો આ હુકમની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી આયોગ, ગાંધીનગર, સેકટર–૧૮ ને બીજી અપીલ કરવા હકદાર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન......જાણ તથા અમલ માટે
(૨) શ્રી હસમુખલાલ રતીલાલ માંડવીવાલા, (૩) શ્રી પટેલ મણીલાલ કાશીરામદાસ,